
# બાલ સાહસ શ્રેણી

૪

## ઝબક દીવડી





કુમારપાળ દેસાઈ

બાળ સાહસકથા શ્રેણી-૪

# ઝબક દીવડી

કુમારપાળ દેસાઈ

પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 079-22144663, 22149660

e-mail : goorjar@yahoo.com. web : gurjarbooksonline.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ, સિટી સેન્ટર પાસે, સીમા હૉલ સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ 380015

ફોન : 26934340, 98252 68759 - gurjarprakashan@gmail.com

કિંમત : રૂ. ૩૦ પ્રથમ આવૃત્તિ : 1975

આઠમી સંવર્ધિત આવૃત્તિ : 2017

**Zabak Divadi**

A collection of inspiring stories baised on girl's power for children

by Kumarpal Desai

Published by Gurjar Granth Ratna Karyalaya, Ahmedabad-1

© કુમારપાળ દેસાઈ

પૃષ્ઠ : 40

ISBN : 978-93-5162-444-8

નકલ : 1000

પ્રકાશક : **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ,

અમદાવાદ-380001 ફોન : 22144663,

e-mail : goorjar@yahoo.com

****

મુદ્રક : **ભગવતી ઑફસેટ**

સી/૧૬, બંસીધર એસ્ટેટ, બાલડોલપુરા, અમદાવાદ-380 004

## લેખકની વાત

આ પુસ્તકમાં પોતાનાં હિંમત, સાહસ, સૂઝ અને સમયસૂચકતાથી અન્યના જીવનમાં અજવાળું ફેલાવનારી દીવડીઓની - નાની છોકરીઓની - કથા આલેખી છે. આઠ વર્ષની પ્રજ્ઞા, અગિયાર વર્ષની સ્વીટી, ચૌદ વર્ષની ઝબક અને વીસ વર્ષની કાન્તાબહેન - એ સહુએ બીજાને બચાવવા પરોપકારભરી  કામગીરી બજાવી છે.

હિંમત, પરોપકાર અને બહાદુરીની આ સાવ સત્ય ઘટનાની સાથે બાળકો સહેલાઈથી તાદાત્મ્ય અનુભવી શકશે.

નવશિક્ષિતોને પણ આ આખી શ્રેણી વાંચવામાં સરળ અને જીવન માટે પ્રેરણાદાયી બની રહેશે. આ પુસ્તકની કથાઓ નારીજાગૃતિનું કામ પણ કરશે. આના વાંચનથી બાળકોમાં હિંમત અને સાહસની ભાવના જાગશે તો મારો પ્રયાસ સાર્થક લેખીશ.

આ પુસ્તકના પ્રકાશનમાં ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને શ્રી મનુભાઈ શાહે જે રસ દાખવ્યો છે તે બદલ આભારી છું.

તા. ૧૨-૪-૨૦૧૭ કુમારપાળ દેસાઈ

અમદાવાદ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | ઝબક દીવડી | ૫ |
| ૨. | બીએ એ બીજા | ૧૫ |
| ૩. | જનનીને નવજીવન આપ્યું | ૨૩ |
| ૪. | રંગ ગુજરાતણ | ૩૧ |


*શક્તિનું પ્રતિક મનાતી નારી*
*કટોકટીની પળે*
*કુનેહ બતાવે છે,*
*સંઘર્ષની પળે સમજદારી*
*બતાવે છે અને સંકટ સામે*
*સાહસિકતા બતાવે છે.*
*વૂમન-પાવરનો મહિમા કરતી*
*આ કથાઓ બાળકોને નાનપણથી જ*
*ખમીર-ખુમારી અન ખાનદાનીનું*
*સંકારસિંચન કરશે.....*





# ઝબક દીવડી

## ૧. ઝબક દીવડી

વાત છે ચૂલી ગામની.

વખત છે સો વર્ષ પહેલાંનો.

સૌરાષ્ટ્રમાં ઝાલા રાજાઓનો પંથક.

નામ ઝાલાવાડ.

આ ઝાલાવાડમાં જાણીતું ધ્રાંગધ્રા રાજ્ય.

ચૂલી એ રાજ્યનું ગામ.

ખોબા જેવડું ગામ.

ગામને પાદર એક નાનો ગઢ.

ગામમાં વસતી નબળી-પાતળી.

સુખી ઘર પાંચ અને તે વાણિયાનાં.

વાણિયામાં પણ શેઠ છગન તારાચંદનું ખોરડું આગેવાન.

બાકી તો કોળી ને કણબી.

મજૂરી કરે અને માંડ પેટ ભરે કોળી.

ખેતી કરે ને માંડ બે ટંકનું રળે કણબી.

કેટલાંક લોકો ઊભડિયાં કહેવાય. બહાર જાય ને રોટલો રળી આવે. એમને ગામમાં ઘર નહીં, સીમમાં ખેતર નહીં.

થોડાક વાતડાહ્યા ભાટ અને ચારણ. પણ એ તો ઘોડી લઈ ગામ-પરગામ ફરતા હોય. વરસના વચલે દિવસે ઘેર હોય. બાકી થોડાં ઘર કુંભારનાં. વાલોભાભો એમાં આગેવાન. વાળંદમાં માણેક અને હરિજનોમાં કાળુ આગેવાન.

વાણિયામાં આગેવાન છગન શેઠ. ગોર ઓધવજી એમના મિત્ર. ગામમાં કોઈ ઝઘડો પડ્યો કે ડખો જાગ્યો એટલે કૉર્ટ-કચેરીએ કોઈ ચડે નહિ. ચોરા પર જઈને ધા નાંખે.



છગન શેઠ માથે પાઘડી ને ખભે ખેસ નાંખી ચોરા પર આવે. તરત ઓધવજી ગોર કપાળે ત્રિપુંડ અને શરીર પર જનોઈ સાથે આવે. ચારણ ઈશરદાનજી આવે. કુંભાર વાલોભાભો આવે. વાળંદ માણેક આવે. બાવા ચરણગિરિ આવે. કાળુ હરિજન પણ આવે.

અને વાત બધી ત્રાજવે નંખાય.

ન્યાયનું પલ્લું નીચે નમે અને અન્યાયનું પલ્લું ઊંચે રહે, એ રીતે ચુકાદો આપવામાં આવે.

મનની ગાંઠ ઊકલી જાય. હેત-પ્રીત થઈ જાય. કૉર્ટ-કચેરી ને વકીલના ખર્ચા બચી જાય.

આ છગન શેઠને એક દીકરી.

નામ ઝબક.

વાદળમાં ઝબકતી વીજળી જેવી. ઝબક અંધારામાં અજવાળું કરતી દીવડી જેવી. ઝબક આરસની પૂતળી જેવી. પાંચ હાથ પૂરી. નમણો દેહ ને નમણી વાણી.

બાપને ઝબક બહુ વહાલી.

આ ઝબકનું સગપણ લીંબડી ગામે કરેલું.

લીંબડી ગામના કસ્તૂરચંદ ગાંધીના દીકરા શિવલાલ વેરે એનો વિવાહ કરેલો.



એકલી ઝબકને થડની પાછળ બુકાનીધારીઓ દેખાયા



લીંબડીથી વરવાળા સાકર, સુખડી ને સમુરતું લઈને આવ્યા. સમુરતામાં સરસ સરસ દાગીના. કપડાં પણ એટલાં જ સરસ. મન મોહે તેવી ગળાની મોહનમાળા.

બેરખાના પારા મઢેલી હેમની બંગડીઓ. કાનનાં મોતીટાંક્યાં વેળિયાં. પગનાં ઝાંઝર ને નખલીઓ. બાંહ્ય પહેરવાનું સોનાનું કડું.

ઝબક તો રાજીરાજી થઈ ગઈ. વિચારવા લાગી કે આ ઘરેણાં અને કપડાંમાં હું કેવી સુંદર લાગીશ ! સરખી સહિયરોમાં હું કેવી સરસ દેખાઈશ.

ચાલ, પહેલાં ભીમડિયે કૂવે જાઉં અને નાહી લઉં. પછી કપડાં ને ઘરેણાં પહેરું.

ઘેરથી કહ્યા વગર ઝબક નીકળી પડી.

ઝબક તો ઝાંઝર ઝણકાવતી ચાલી જાય. ત્યાં તો પીલુડીના થડ પાછળ પાંચ-સાત માણસ દેખાયા.

કરડા અને વિકરાળ ચહેરા. મોઢે બુકાનીઓ બાંધેલી. આંખો જોઈ હોય તો લાલચોળ. હાથમાં હથિયાર.

ચૌદ વર્ષની ઝબકને ભારે બીક લાગી. અચાનક એનાથી બોલાઈ ગયું,

"મામા, હું તો તમારી હોંશ પૂરી કરવા નીકળી.

છગન શેઠની દીકરી હું ઝબક."

પીલુડી પાછળ મિયાણા હતા. ગામ લૂંટવા આવ્યા હતા. સાંજ પડવાની રાહ જોતા હતા. તેમનો આગેવાન બોલ્યો,

"ભાણી, ઝટ ઘર ભેગી થા. દીકરીની જાતને વળી આ કપડાં-દાગીના. વખત ખરાબ છે."

ઝબક તો ઝટ ઝટ પાછી ફરી. શિકારીના પંજામાંથી મૃગલી નાસે એમ નાઠી. દોડતી-દોડતી ભર્યાશ્વાસે ઘેર આવી, ને માના ખોળામાં પડતાં બોલી,

"મા, મિયાણા !"

માતાએ ઝબકના બાપને બોલાવ્યા. દીકરી મિયાણા-મિયાણા બોલ્યા કરે છે એમ કહ્યું.

છગન શેઠે થોડી વાર દીકરીને પંપાળી અને પછી બધી વાત પૂછી લીધી. તેમને ખબર પડી ગઈ કે આજ રાતે ગામ લૂંટાશે. મિયાણા લૂંટશે.

તરત પોતાની ખડકીમાં ગામના આગેવાનોને એકઠા કર્યા. ઘરેણું-ગાંઠું તો ઝબકનું જે આવ્યું હતું એ અને બીજું બધું ભેગું કરી ઘાસ ભરવાના વાડામાં દાટી દીધું.

એ દિવસો દિલની દિલાવરીના હતા.



ગામમાં એક સરકારી પસાયતો રહે. બાકી પોલીસ કે ફોજદારનું નામ નહોતું.

ગામની રક્ષા ગામલોકો જાતે કરતા. માણસો ચોવીસે કલાક તૈયાર રહેતા.

એક જણ પર આફત આવી તો ગામ આખું તૈયાર. ગામ પર આફત આવી ત્યારે પૂછો મા !

ઘેર બેસી રહે એને ફટ્ય કહેવાય.

કાળુ હરિજન ગામમાં ઢોલ લઈ આવી પહોંચ્યો. એના ઢોલ માથે દાંડી પડે કે સાબદા થઈ જવાનું હોય. દાંડી પીટીને કાળુએ સહુને તૈયાર થવાનું કહ્યું. ભરવાડો ને ચારણો મળ્યા તે હથિયાર લઈ તૈયાર થઈ ગયા. એમનાં મોં પર ડર નહોતો, આનંદ હતો.

વાલોભાભો અને વાળંદ માણેક પણ પોતાની કોમના સાથીઓને લઈને આવી ગયા.

ઊભડિયા લોકોએ ગામ આસપાસની થોરની વાડ સરખી કરી નાંખી, ફક્ત એક છીંડું રાખ્યું.

છીંડાથી થોડે આગળ ગાડાનો ગઢ રચ્યો ને ઊંટડે ઊંટડા બાંધી મોરચો ગોઠવી દીધો.

પુરુષો તો બધા કેડ ભીડીને તૈયાર રહ્યા, ત્યારે

સ્ત્રીઓ કંઈ ઘરમાં થોડી ભરાઈ રહે ?

છગન શેઠની ઝબકે આગેવાની લીધી, ઘરઘરમાંથી સાંબેલાં, ધોવાના ધોકા અને વલોણાના રવૈયા એકઠા કરવામાં આવ્યા.

આ પછી ઘરના લીંપેલ-ગૂંપેલ આંગણામાં મગ પાથરવામાં આવ્યા.

માણસ મગ પર ચાલે કે લપસીને નીચે પડે.

પાછળ ઝબકની વીજળીસેના - સાંબેલા, ધોકા વગેરે શસ્ત્રો સાથે તૈયાર જ ઊભી હોય.

માણસ પડ્યો કે માથે સાંબેલું ઝીકાયું જ સમજો અને પછી સાંબેલાં પર સાંબેલાં ! માણસનો બોરકૂટો જ કરી નાખવાનો.

સાંજ પડી. અંધારાં ઊમટવા લાગ્યાં.

મંદિરની ઝાલર રણઝણી રહી ને મિયાણા પાદરમાં દેખાયા.

જોયું તો ચારેકોર તૈયારી. ગામ આખું ખડે પગે.

માણસો સામનો કરવા માટે ગોઠવાઈ ગયેલા.

લૂંટારાનો ચાડિયો ગામમાં ખબર કાઢવા ગયેલો. એ સમાચાર લઈને આવ્યો કે પેલી ઝબક દીવડીએ



આખા ગામને ખડું કરી દીધું છે.

લૂંટારાના આગેવાને વિચાર કરીને કહ્યું,

“ગામ નાનું છે. લોકો સંપીલા ને બહાદુર છે. ઝપાઝપી જરૂર થશે. કદાચ પાછાય ભાગવાનો વારો આવે. વળી લૂંટમાં તો ખાસ કંઈ હાથ નહિ આવે. માટે ચાલો, પાછા ફરો.”

સહુ પાછા ફરવાની તૈયારીમાં હતા, ત્યાં આગેવાન મિયાણો કહે,

“એમ ને એમ ચાલ્યા જઈશું તો નામોશી થશે. છગન શેઠની દીકરી ઝબકે આપણને મામા કહ્યા. બોલાવો એને અને કહો કે ભાણેજનું ગામ અમારાથી લૂંટાય નહિ એટલે પાછા જઈએ છીએ.”

તરત છગન શેઠને નોંતરું ગયું.

છગન શેઠ વાણિયા હતા, પણ એ વખતના વાણિયા વીર હતા. તરત લૂંટારાને મળવા આવ્યા.

લૂંટારાએ કહ્યું,

“અમારી ઝબક દીવડીને મામા તરફથી રૂપિયા પાંચ કાપડાના આપજો. એણે આજ ગામને બચાવ્યું છે.”

છગન શેઠે ચર્ચા ન કરી, પણ કહ્યું કે ભાણીના ઘેરથી ભૂખ્યા જવાય નહિ. છાશ રોટલાનું શિરામણ કરતા જાઓ !

ગામે લૂંટારાઓને શિરામણ કરાવ્યું.

લૂંટારાઓએ ગામના સંપને બિરદાવ્યો.

ચૌદ વર્ષની ઝબક દીવડીની ગામમાં વાહવાહ થઈ ગઈ.

◆





# બીએ એ બીજા

## ૨

ટન...ટન....ટન...

ઘંટ વાગ્યો.

નિશાળ છૂટી.

નવી દિલ્હીની જૈન કન્યા-માધ્યમિક શાળાની સહુ વિદ્યાર્થિનીઓ વર્ગમાંથી બહાર આવી.

છઠ્ઠા ધોરણમાં ભણતી સ્વીટી પણ બહાર નીકળી.

સ્વીટીનું મૂળ નામ તો રવીન્દર કૌર પણ આ

વહાલસોયી છોકરીને સહુ 'સ્વીટી' એવા હુલામણા નામે બોલાવે.

અગિયાર વર્ષની સ્વીટી નિશાળના દરવાજે આવી. એને બરફગોળો બહુ ભાવે. નિશાળના દરવાજા પાસે ઊભેલા બરફગોળાવાળાને ગોળો બનાવવા કહેવા લાગી.

સહુ સખીઓ તો આગળ ચાલી. નિશાળ છૂટી પછી ઊભું રહે કોણ ?

થોડી વારમાં નવી દિલ્હીનો મોગલ પાર્ક વિસ્તાર સૂમસામ થવા લાગ્યો. બરફગોળો લઈને સ્વીટીબહેન તો ચાલવા લાગ્યાં. એમણે જોયું તો નિશાળના દરવાજા નજીક ત્રણેક સાધુ આંટા લગાવે.

કેવા સાધુ ! જાડા-તગડા સાધુ ! મોટી-મોટી આંખોવાળા સાધુ ! ભગવાં કપડાં અને લાંબી મૂછ-દાઢીવાળા સાધુ ! આ સાધુઓ આમ જાય ને તેમ જાય! આમ જુએ ને તેમ જુએ !

બધા સાધુઓએ મોટાંમોટાં વજનદાર પોટલાં ઊંચકેલાં. આગળ પોટલું, વળી પીઠ પાછળ પોટલું. પોટલાંનો ભાર ઘણો. વારંવાર ખભા પર બરાબર ટેકવે. સ્વીટીબેન તો બરફગોળાની મોજ માણતાં- માણતાં



ઘર તરફ ચાલવા લાગ્યાં. એવામાં એક અચરજ એની નજરે ચડ્યું.

એક સાધુની પીઠ પરના પોટલામાંથી બહાર કશુંક લબડે ! ધ્યાનથી જોયું તો જણાયું કે કોઈનો નાનકડો પગ લટકી રહ્યો છે !

સ્વીટી પડી વિચારમાં. પોટલામાં તો પહેરવાના કપડાં હોય, ભોજન માટેનાં વાસણ હોય, પણ એમાં નાનકડો પગ તે હોતો હશે ?

સ્વીટી એમ મૂંઝાય તેવી નહોતી. ન સમજાય તેવી બાબતને મફતની માથાકૂટ માની જવા દે તેવી ન હતી. કશું અજાણ્યું જુએ, તો એને જાણ્યા પછી જ પગ વાળીને બેસે.

એને થયું, લાવ જરા નજીક જાઉં ! જોઉં તો ખરી કે આ પોટલામાં ભર્યું છે શું ?

સ્વીટી બિલ્લીપગે આગળ વધી. ધીરે રહીને નજીક સરકી. મુખ ઉપર ભારે ચુપકીદી, પણ આંખો ઘણી ચાલાક !

સાધુની નજીકથી પસાર થઈ. પોટલાની પાસેથી આગળ વધી તો એથીય અદકું અચરજ થયું ! પોટલામાંથી

કોઈના રડવાનો અવાજ આવ્યો ! નાનકડું બાળક ડૂસકાં ભરીભરીને રડતું હોય તેવું લાગ્યું.

સ્વીટીને થયું, આ તે વળી કેવું પોટલું ? બહાર નાનો પગ લટકે અને અંદરથી રડવાનો અવાજ આવે !

બીજું કોઈ બાળક તો આ ભૂત માનીને ઊભી પૂંછડીએ ભાગે.

કોઈ ડરીને મુઠ્ઠી વાળી દોટ લગાવે. કોઈના પગ થરથરવા માંડે, તો કોઈને ગભરાટમાં પરસેવો છૂટે.

સ્વીટી આવી ડરપોક ન હતી. આફત જોઈને કાયર બનનારી ન હતી. બીએ એ બીજા ! નાનકડી સ્વીટી લાંબો વિચાર કરવા લાગી. સાધુઓના આ પોટલામાં હશે શું ? આખરે એને ઉકેલ જડી ગયો.

નક્કી, આ પોટલામાં કોઈ નાનું બાળક લાગે છે ! રડવાનો અવાજ પણ બાળકનો અને લબડતો પગ પણ બાળકનો. નક્કી આ સાધુ કોઈ બાળકને ઉઠાવી જતો લાગે છે.

સ્વીટી જોશભેર બૂમ પાડવા લાગી.

'દોડો...દોડો...આ બાવો બાળકોને ઉપાડી જાય ! દોડો...દોડો..'



સાધુઓએ ડોળા કાઢ્યા. સ્વીટીને બીક બતાવી. હાથ ઉગામી માર મારવાનો ભય બતાવ્યો.

નાનકડી સ્વીટી એમ ગાંજી જાય એવી ન હતી. એણે તો બૂમો પાડવાનું ચાલું રાખ્યું.

સાધુઓને થયું કે હવે તો માર્યા ! પકડાઈ જવાશે તો જાનથી હાથ ધોવા પડશે !

બૂમ પાડતી છોકરી બીક બતાવ્યે અટકે તેવી ન હતી. આથી સાધુઓ પોબારા ગણી જવા કોશિશ કરવા લાગ્યા. બે જણા તો નાસી છૂટ્યા.

સ્વીટી તો બૂમ પાડતી જાય, દોડીને નજીકમાં રહેલા પોલીસને એણે ખબર આપી.

પોલીસ દોડી આવ્યો. બરફ ગોળાવાળોય આવ્યો. આજુબાજુ રહેનારા સૌ શ્વાસભેર ધસી આવ્યા.

ભાગવા જતા એક સાધુને સહુએ પકડી લીધો. એ સાધુનું નામ હતું ભિક્ષુ દાણાવાલા. એનાં પોટલાનો ભાર વધારે. એના પાપનો બોજ ઘણો. એ ઝડપભેર દોડી શક્યો નહિ. લોકોએ એને પકડી પાડ્યો.

ખભેથી પોટલાં ઊતરાવ્યાં. એક પોટલું આગળ

અને એક પોટલું પાછળ. લોકોના ગુસ્સાનો પાર નહિ. લોકો એ પોટલાં છોડવા માંડ્યાં. આગળના પોટલામાંથી મુહમ્મદ વાકિફ નામનો ચાર વર્ષનો બાળક નીકળ્યો. મુહમ્મદને બિસ્કિટ બહુ ભાવે. આ બાવો એને બિસ્કિટની લાલચ આપી ઉઠાવી લાવ્યો હતો. મુહમ્મદ બહાર નીકળ્યો, છતાં ડરનો માર્યો ખૂબ ધ્રૂજતો હતો.

આગળના પોટલામાંથી એક બાળક નીકળ્યું, તો પાછળના પોટલામાંથી બે બાળકો નીકળ્યાં. એક હતો બે વર્ષનો નાનકડો રાજેન્દ્રકુમાર. એને કશીય ખબર ન હતી. ભરઊંઘમાં એ સૂતો હતો. એનો પગ પોટલાની બહાર લબડતો હતો.

બીજી હતી રાજેન્દ્રની બહેન, પાંચ વર્ષની સીમારાણી. ઘર બહાર રમતી સીમાને બાવાઓએ કહ્યું કે મારે ઘેર ચાલ ! તને મનગમતી મીઠાઈ આપીશ. ભાતભાતનાં ભોજન કરાવીશ. બસ, તારે તો લીલાલહેર થઈ જશે.

લાલચમાં લોભાઈ જનારા લાંબો વિચાર કરતા નથી. ભાઈ-બહેન બંને બાવાના હાથમાં ઝડપાઈ ગયાં. સીમાને અફસોસ ઘણો થયો. એ ખૂબખૂબ રડતી હતી. ભારે ભયથી ફફડતી હતી.





ત્રણ બાળકોને બચાવનારી બહાદુર સ્ત્રી. એના ખોળામાં છે બે વર્ષનો રાજેન્દ્ર, પાછળ છે ચાર વર્ષનો મુસ્લીમ મુહમ્મદ વાકિફ ને બાજુમાં છે પાંચ વર્ષની સીમારાણી. નજીકમાં બાળકોને ઉપાડી જનાર દગાબાજ બાવાને હાથકડી સાથે ઊભેલો છે.


બાળકોના માતાપિતાને બોલાવવામાં આવ્યાં. પોતાનાં ખોવાયેલાં બાળકો પાછાં મળતાં માતાપિતાની ખુશીનો પાર ન રહ્યો.

આ દિવસ હતો ૧૯૭૦ની પાંચમી એપ્રિલનો. બનાવની તપાસ માટે આવેલા પોલીસ અધિકારીએ સ્વીટીને એકસો રૂપિયાનું ઇનામ આપ્યું. એની અનોખી હિંમતને બિરદાવતું પ્રમાણપત્ર આપ્યું. નાનકડી બાળાને ધન્યવાદ આપતાં કહ્યું -

“જે દેશમાં સ્વીટી જેવી નિર્ભય બાળાઓ હશે, એ દેશ જગતમાં સદાય ઉન્નત અને ઉજ્જ્વળ રહેશે.”

◆





# જનનીને નવજીવન આપ્યું !

## ૩

આઠ વર્ષની છોકરી. પ્રજ્ઞા એનું નામ. પ્રજ્ઞા એટલે બુદ્ધિ. જેવું નામ, એવા ગુણ. દરેક વાત વિચારે, દરેક વસ્તુ સમજે. નાનકડી એવી એક ડાયરી રાખે. તેમાં સઘળું નોંધે. ક્યારેક કોઈ ચિત્ર દોરે. ક્યારેક રમૂજી ટુચકો લખે. કદીક પરીક્ષાના ગુણ નોંધે.

પ્રજ્ઞાની નાનકડી ડાયરીમાં આખી દુનિયા સમાઈ જાય.

કોઈ મશ્કરીય કરે. કહે કે - પ્રજ્ઞાબહેન ! તમે છો તો આટલા નાનાં, પણ ડાયરી રાખો છો મોટાની જેમ!

વાતેય સાચી. પ્રજ્ઞા હતી નાની, પણ એની સમજ ઘણી મોટી હતી.

ડિસેમ્બર મહિનામાં પ્રજ્ઞાની વર્ષગાંઠ આવે. એની એક વર્ષગાંઠે દેશમાં યુદ્ધ ખેલાય. ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ.

દેશને ખાતર જવાન લડે. દેશ આખો તનમનથી જવાનોને મદદ કરે. ઠેરઠેર ફાળો ઉઘરાવાય.

પ્રજ્ઞાએ પોતાના પિતા પ્રફુલ્લભાઈ ઝવેરીને કહ્યું કે આ વખતે એ એની વર્ષગાંઠ નહીં ઊજવે.

માતાને કહ્યું, "વર્ષગાંઠના દિવસે આ વખતે કશું ખર્ચ કરવું નથી એ રકમ મને જ આપી દેજો."

માતા કહે, "એ રકમને તું વળી શું કરીશ ?"

પ્રજ્ઞા કહે, "એ રકમ હું સંરક્ષણફાળામાં આપી દઈશ. દેશ પર ચડાઈ થઈ હોય, ત્યારે આપણે કેવી રીતે વર્ષગાંઠ ઊજવી શકીએ ? જવાનો દેશને માટે લોહી રેડતા હોય, ત્યારે આપણે કેવી રીતે આનંદ કરી શકીએ ? દેશ પહેલો, પછી બીજું બધું."

પ્રજ્ઞાને રોજ નાસ્તામાં એની માતા દમયંતીબહેન બિસ્કિટ આપે. એક વાર પોતાના નાસ્તા માટે ઘરમાં



હતાં તેટલાં બધાં બિસ્કિટ લઈ લીધાં. નિશાળમાં જઈને એણે એ શિક્ષિકાબહેનને આપ્યાં. એમને જવાનો માટે ઉઘરાવાતી ચીજવસ્તુના ફાળામાં આપવા કહ્યું.

પ્રજ્ઞાને ચિત્રોનો ભારે શોખ. ૧૯૭૧માં 'શંકર્સ વિકલી'ની બાલચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો અને ઇનામ મેળવ્યું. એ નૃત્ય પણ શીખવા લાગી. બીજા ધોરણમાં ૯૩ ટકા ગુણ મેળવ્યા.

પ્રજ્ઞા ત્રીજા ધોરણમાં ભણતી હતી ત્યારની આ વાત છે. એક દિવસ એ નિશાળે ગઈ ન હતી. એની તબિયત બરાબર ન હતી. પેટમાં દુખતું હતું.

એ દિવસ હતો ૧૯૭૦ની બારમી નવેમ્બરનો.

પ્રજ્ઞાના પિતા ઑફિસમાં ગયા હતા. ઘરમાં એની માતા દમયંતીબહેન હતાં. એનો બે વર્ષનો નાનકડો ભાઈ હતો. ઘરકામ કરતો નાનો છોકરો પણ હતો.

દમયંતીબહેન એ વખતે બીમાર હતાં. એમને ફ્લ્યુ થયો હતો. થોડા દિવસથી એમની તબિયત બરાબર ન હતી.

બપોરના બાર વાગ્યા. દમયંતીબહેન સ્નાન કરીને બહાર નીકળ્યાં. એકાએક એમને ગભરામણ થવા લાગી.

પલંગ પર સૂવા ગયાં. પરંતુ એવાં જ ઊછળીને નીચે પડ્યાં. એમને વાઈ-આંચકી આવી હતી. જિંદગીમાં પહેલી જ વાર આવું થયું હતું.

મોંમાંથી ફીણ નીકળે. દાંત વચ્ચે જીભ કચડાઈ ગઈ. ધીરેધીરે મોંમાંથી લોહી પણ વહેવા માંડ્યું.

દમયંતીબહેન વધુ ને વધુ ઊછળતાં હતાં. જોરજોરથી બૂમ પાડતાં હતાં. એમની દશા એવી હતી કે ભલભલાની મતિ મૂંઝાઈ જાય.

શું કરવું તે સૂઝે નહિ, કોને કહેવું તે યાદ ન આવે. ક્યાં જવું તે દેખાય નહિ.

મોટાં હાંફળાં-ફાંફળાં થઈ જાય ત્યાં બાળકોનું તો શું ગજું ? એ તો ગભરાઈને મોટી પોક મૂકે, માથાં પછાડે. પણ પ્રજ્ઞા એવી કાચી માટીની ન હતી. આફત સામે લડનારી હતી. પાછી પડનારી નહિ.

એણે તરત જ નોકરને બોલાવ્યો. બંનેએ મળીને દમયંતીબહેનને પલંગ પર સુવાડ્યાં. બરાબર પકડી રાખવા નોકરને કહ્યું. પ્રજ્ઞા તરત જ ટેલિફોન પાસે ગઈ. નંબર તો એની ડાયરીમાં નોંધેલા જ હતા. તરત પિતાને ફોન કર્યો. એમને કહ્યું કે "મમ્મીને કંઈક થઈ ગયું છે. તમે તરત જ ઘેર આવો." આ સમયે માતાની



ચીસ સંભળાતી હતી. એનું દર્દ વધતું જતું હતું.

પ્રજ્ઞાએ ફરી પોતાની નાનકડી ડાયરી ઉથલાવવા માંડી. બીજો નંબર મેળવ્યો. તરત જ પોતાના કુટુંબના ડૉક્ટર ખંડુજાને ફોન કર્યો. પોતાની મમ્મીની ભયાનક હાલતની જાણ કરી. વિનાવિલંબે ઘેર આવવા વિનંતી કરી.

આવે વખતે ભલભલા મૂંઝાઈ જાય. કદાચ મૂંઝાઈ ન જાય તો પૂરું બોલી શકે નહિ, ત્યારે આ તો હતી માત્ર આઠ વર્ષની બાળકી. પણ એ ગભરાયા વિના બોલતી હતી. એણે તરત જ પોતાનાં નજીકનાં એક-બે સગાંને પણ જાણ કરી.

પાંચ મિનિટમાં તો ડૉક્ટર ખંડુજા આવી ગયા. એમણે તરત જ સારવાર શરૂ કરી દીધી. દમયંતીબહેનની સ્થિતિ વધુ ને વધુ કફોડી થતી જતી હતી.

થોડી વારમાં પ્રજ્ઞાના પિતા આવી ગયા. ધીરે-ધીરે મિત્ર અને સંબંધીઓ એકઠાં થવા લાગ્યાં. દમયંતીબહેનની હાલત જોઈને એમનો નાની ઉંમરનો નોકર તો સાનભાન ગુમાવી બેઠો હતો. દર્દીને છોડીને એ ક્યારે ઘેર પહોંચી ગયો એની એને ખુદને પણ ખબર ન હતી.



**ગભરાયા વિના પ્રજ્ઞાએ પિતાને અને ડૉક્ટરને ટેલિફોન કર્યો**



આંચકી એટલી જોરદાર હતી કે અગિયાર માણસોએ તો દમયંતીબહેનને પકડી રાખ્યાં હતાં. એક વાર તો નીચે ઢળી પડ્યાં ત્યારે એમના ખભાનું હાડકું પણ તૂટી ગયું.

એમની બગડતી હાલત જોઈને ડૉક્ટરે તરત જ નર્સિંગ હોમમાં લઈ જવાનું કહ્યું. ફરી આંચકી આવતાં સ્થિતિ વધુ બગડી. દમયંતીબહેનને દિલ્હીની ઓલ ઇન્ડિયા મેડિકલ ઇન્સ્ટિટ્યૂટમાં ખસેડવામાં આવ્યાં. પંદર-પંદર ડૉક્ટરો એકસાથે સારવાર આપવા લાગ્યા. એમની નાડી ચાલતી ન હતી. લોહીનું દબાણ પણ ન હતું. યાંત્રિક સાધનોથી એમના હૃદયને ધબકતું રાખવામાં આવ્યું. બોંતેર કલાક સુધી દમયંતીબહેન મૃત્યુ સામે ઝઝૂમતાં રહ્યાં. પિસ્તાળીસ દિવસ સુધી સારવાર લેવી પડી. આખરે મોતના મુખમાંથી પાછાં આવ્યાં. ધીરે-ધીરે તેઓ સાજાં થયાં.

ડૉક્ટરે અંતે જણાવ્યું કે દમયંતીબહેનને પહેલીવારમાં આંચકી આવી ત્યારે તરત જ ડૉક્ટરને બોલાવવામાં આવ્યા ન હોત તો એ બચી શક્યાં ન હોત.

કપરે વખતે આઠ વર્ષની પ્રજ્ઞાએ ગભરાવાને બદલે હિંમતભેર કામ લીધું. મનને મક્કમ રાખીને ડૉક્ટરને તેમ જ પિતાને તરત બોલાવ્યા.



**પ્રજ્ઞા ઝવેરી**

સંતાનને માટે બચાવવા માટે કુરબાની આપનારી જનનીના પ્રસંગો તો ઘણા સાંભળવા મળે, પણ જનનીના જીવનને બચાવવા માટે આટલી સમજ દાખવીને ઝડપથી કામ કરનારી આ બાળકીનું ઉદાહરણ તો વિરલ જ બની રહેશે.

પ્રજ્ઞાની માતા દમયંતીબહેન આજે પણ ધન્યતા અને ગૌરવ અનુભવતાં કહે છે -

“આ નાનકડી બાળકીએ તો મારું જીવન ઉજાળ્યું છે, મને નવજીવન આપ્યું છે.”

◆





# રંગ ગુજરાતણ

## ૪

વીસ વર્ષની કણબી કન્યા.

કાન્તાબહેન એનું નામ.

કચ્છના નખત્રાણા તાલુકાના ઉગેડી ગામે એ રહે.

કચ્છની ધરતી ભારે ધીંગી.

ધરામાં પાણીની ભારે ખોટ, પણ આ ધરતીને પાણીદાર માનવીની ખોટ કદી પડી નથી !

અહીંના જુવાન જોમવાળા, ઘરડા સહુ કૌવતવાળા. અહીંની નારી મહેનતુ.

મહેનત એ જ એમનો રોટલો. મહેનત એ જ એમનો ઈમાન. મહેનત એ જ એમનું જીવન.

ધરતી એવી કે મહેનત કરે એ જ મેળવે. બાકીનાં ભૂખ્યાં રહે.

કાન્તાબહેન ખેતરમાં કામ કરે. બાળપણથી માતા-પિતાને મદદ કરે. ખેતીનું કામ એવું કે એક જણથી થાય નહિ. સહુના સહકાર વગર ચાલે નહિ.

ક્યારેક કાંતાબહેન બી રોપે. વખત આવ્યે લણણી કરે. જરૂર પડ્યે અનાજના ટોપલા ઊંચકે.

૧૯૬૩ના એપ્રિલ મહિનાની બીજી તારીખની આ વાત છે.

કાન્તાબહેન ખેતરમાં કામ કરે. બાજુમાં એમના પતિ ગોપાળભાઈ કામ કરે.

થોડે દૂર એમના સસરા ગોવિંદ મુખી ખેતીકામમાં સાથ આપે. મોટેરાંની હાજરીમાં કાન્તાબહેન લાજ કાઢીને કામ કરે.

બીજા કેટલાક પુરુષો અને સ્ત્રીઓ પણ આ ખેતરમાં કામ કરે.



ધરતી એ આ સહુની માતા. મેઘ એ આ સહુનો દેવ.

નજીકમાં ઢોર ચરે અને આમતેમ ફર્યા કરે. કોઈ મોજીલો જીવ કચ્છી દુહા લલકારે અને મોજ કરે. દહીં-દૂધ અને રોટલા ખાય અને સહુ લહેર કરે.

સહુ આનંદમાં ડૂબ્યા હતાં. સહુ મહેનતમાં પડ્યાં હતાં. એવામાં એક આફત આવી. જીવતા મોત જેવી આફત આવી.

ઘુઘવાટા કરતો જંગલી સૂવર ધસી આવ્યો.

કેવો સૂવર ?

સ્લેટિયા રંગવાળો સૂવર.

શરીર પર કડક વાળવાળો સૂવર.

પાંચ ફૂટ લાંબો સૂવર.

ત્રણ ફૂટ ઊંચો સૂવર.

વજન હતું એનું દસ-પંદર મણ.

લાંબુંલચક મોં. આગળનો ભાગ સાવ ચપટો. વળી મોં નીચે હોઠના જેવી ગોળાકાર ચામડી.

બે બાજુ ભાલા જેવા અણીદાર દાંત.

જંગલી સૂવર અહીંતહીં ઘૂમતો જાય. મોટું માથું આમતેમ અફળાવતો જાય.

ગુસ્સામાં ધૂંવા-પૂંવાં થતો જાય. ક્રોધ એવો ચડ્યો હતો કે ડોકથી પીઠ સુધીના એના વાળ ખડા થઈ ગયા હતા.

એક તો જંગલી સૂવર.

એમાં વળી ઘાયલ સૂવર.

ભારે ઝડપી દોટ લગાવે. એના દાંત એટલે જાણે પાણીદાર છરા.

સૂવરની ટક્કર પણ એવી. શરીરનું સઘળું બળ એકઠું કરીને એવા જોરથી દોડે કે ન પૂછો વાત. એની ટક્કર ઘોડાનો પગ તોડી નાખે.

એની ટક્કર હાથીની સૂંઢ ફાડી નાખે. એની ટક્કર વાઘનું પેટ ચીરી નાખે.

ખેતરમાં બુમરાણ મચી ગઈ. ભલભલા મરદની છાતી ધ્રૂજવા લાગી. કાયર હતા એ ભાગવા લાગ્યા.



મજબૂત હતા એ સાધન ખોળવા લાગ્યા. ખેતરમાં કામ કરનારી સ્ત્રીઓ તો ભયથી છળી ઊઠી.

બસ, હવે સહુના રામ રમી ગયા ! જીવતો જમદૂત આવી પહોંચ્યો. કોઈ આમ નાસે, કોઈ તેમ નાસે, જાણે કશું સાન-ભાન જ નહિ.

જંગલી સૂવરનું માથું ભારે મોટું. ડોક પણ એટલી જાડી ને મજબૂત કે એ પોતે વાળી ન શકે.

ભયાનક ઝડપે સૂવર ખેતરમાં આવ્યું. પગ પાતળા, પણ દોડ ભારે તેજ. જેવું માથું મોટું, એવી ટક્કર જબરી. ઝડપ એવી કે આગળના દાંત ભાલાની માફક શિકારના શરીરમાં ખૂંપી જાય.

જંગલી સૂવર ઝનૂને ચડ્યું હતું. કોઈ શિકારીની ગોળીથી ઘાયલ થયું હતું. ઝનૂને ચડેલું સૂવર જંગલના રાજવી સિંહ કે હાથીને પણ ગણકારતું નથી.

ક્રોધે ભરાય એટલે શિકારને કચરીને કે દાંતી મારીને ફાડી નાખે. ઝનૂને ચડેલા સૂવરનું નામ ન લેવાય. લીધું તો સો વર્ષ પૂરાં.

કાન્તાબહેને આ ઝનૂની પ્રાણી જોયું. પણ એ પાછી

પાની કરે તેવાં ન હતાં.

એ ભય જોઈને ભાગી જાય તેવાં ન હતાં.

એમને થયું કે નક્કી આ સૂવર કોઈનો જાન લેશે. નક્કી આ કોઈ પ્રાણીને ફાડી નાખશે. કોઈ કુટુંબીને મારી નાખશે.

મનોમન નક્કી કર્યું કે ભલે જાન જાય, પણ જનાવર કોઈને મારી નાંખે તેવું થવા દેવું નથી. પણ કરવું શું ?

સૂવરને મારવા હથિયાર જોઈએ, પણ હથિયાર મળે ક્યાંથી ? તરત એમને એક હથિયાર યાદ આવ્યું ? એમણે ઘૂમટો કાઢી નાખ્યો અને હથિયાર લેવા વાડીના ડહેલા ભણી દોટ મૂકી.

એમાં એક કુહાડો હતો. ભારે વજનદાર કુહાડો. ખડતલ કાન્તાબહેને તો એને આસાનીથી ઊંચક્યો અને ઊંચકીને ઊંચો કર્યો. પછી લગાવી દોટ. સીધી જંગલી જનાવર ભણી.

હજુ પુરુષો વિચાર કરે કે સૂવરનો સામનો કરવો કેવી રીતે ? એમાંય આ તો જંગલી સૂવર અને ઝનૂને ચડેલું સૂવર.





**ઝનૂને ચડેલા જંગલી સૂવર પર કાન્તાબહેને કુહાડો વીંઝ્યો**

શિકારીની ગોળીથી જખમી થયેલું સૂવર.

એને જોઈને ભલભલાનાં પાણી ઊતરી જાય, પણ કાન્તાબહેનનું તો રૂંવાડું પણ ન કંપ્યું.

એ આગળ વધ્યાં. કુહાડો ઉગામ્યો. ઊંચકીને સૂવરને માથે ઝીંક્યો.

જંગલી સૂવરનું માથું હાલી ઊઠ્યું.

ન બંદૂક, ન તલવાર, ન ભાલું, ન બરછી, પણ માત્ર લાકડાં કાપવાનો કુહાડો ! હાથી-વાઘથી ન ડરનારું ઝનૂની સૂવર કંઈ આવા કુહાડાના ઘાથી ડરે ખરું ? પણ આ તો ખડતલ કાંતાબહેનનો ઘા.

સુવરનું માથું ભમવા માંડ્યું. એનું ઝનૂન વધી ગયું. એણે સામે જોયું. પોતાના પર ઘા કરનાર તરફ જોયું. બે પગ સહેજ ઊંચા કર્યાં. માથું વીંઝીને ટક્કર મારવા લાગ્યું. પાંચ ઇંચ જાડા ઝાડના થડને તોડી નાખે તેવી ટક્કર ! જાણે હમણાં કાન્તાબેનને ખલાસ કરી નાંખશે.

સામે હતી કચ્છની ધરતીની કણબીકન્યા. એનું હીર અજબ હતું. એ સહેજ બાજુએ હઠી. સૂવરની ટક્કર ખાલી ગઈ.



બસ, હવે તો આવી બન્યું. હારેલું સૂવર ઘુરકવા લાગ્યું. ઘુરકિયાં કરતું જોરથી ટક્કર લગાવવા તૈયાર થયું. ગુસ્સામાં એની પૂંછડી ઊંચી થઈ ગઈ.

જંગલી સૂવરના આવા ઝનૂનને જોઈને ચાલતાં હૈયાં બંધ થઈ જાય. ભલભલા શિકારી ખડા રહી જાય, પણ કાન્તાબહેન તો નીડરતાથી આગળ વધ્યાં. પેંતરો બદલી એના માથા પર ફરી કુહાડો વીંઝયો.

ફરી સૂવર પાછું હઠ્યું !

આ પછી તો કુહાડાના એક પછી એક ઘા કરવા લાગ્યાં !

જંગલી સૂવરનું જોર આ વીસ વર્ષની કન્યા આગળ નકામું ગયું. થોડા સમયમાં તો સૂવરને ધરતી પર ઢાળી દીધું.

કાન્તાબહેનની બહાદુરીને સહુએ બિરદાવી.

એમણે ઢોર-ઢાંખર બચાવ્યા.

એમણે માનવજીવ બચાવ્યાં.

એમણે કુટુંબીજન બચાવ્યાં.

એમને ઘા તો ઘણા પડ્યા હતા. ભુજની હૉસ્પિટલમાં લઈ જઈને એમને સારવાર અપાઈ.

વાહ રે કણબીકન્યા !

ધન્ય છે કચ્છીકન્યા !

રંગ છે તને ગુજરાતણ !

◆

* વિરલ બહાદુરી દાખવીને સમયસૂચકતાથી અનેક વ્યક્તિઓનો જીવ બચાવનાર બહાદુર નારી તરીકે વીસેક વર્ષના કાન્તાબહેનને ૧૯૬૩-’૬૪ના વર્ષનું ગુજરાતની વીરશ્રીને બિરદાવતું શ્રી પુરાણીજી પારિતોષિક આપવામાં આવ્યું.